# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## GUJARAT CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં કેબિનેટની બેઠક યોજાઇ. આ બેઠકમાં પીવાના પાણી, કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાન તેમજ કૃષિ વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્વે સંદર્ભે સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત બાબતો પર પણ ચર્ચા થઈ હતી.

. . . . . . . . . . . . .

# CM HOME DEPARTMENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યકત કર્યો કે, રાજ્ય પોલીસ દળ મલ્ટી ટાસ્કિંગ એક્શન ફોર્સ બનીને વિકસિત સુરક્ષિત ગુજરાતનું લક્ષ્ય પાર પાડશે. ગાંધીનગર ખાતે ગૃહ વિભાગના વિવિધ પોર્ટલનો શુભારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે  આવનાર સમયમાં પણ ભારતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સુરક્ષામાં ટેકનોલોજીનો ઉપયોગ ખૂબ વધશે. તેમણે ઉમેર્યું કે ભારતીય સેનાએ ટેકનોલોજીની તાકાત અને સાહસથી ન્યુ એજ વોર ફેરમાં પોતાની પ્રતિષ્ઠા સિદ્ધ કરી છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# PANCHMAHAL ARREST

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં ફેસબુક પર દેશ વિરોધી પોસ્ટ મુકનાર બ્રિજેશ પંડ્યાની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

આરોપીએ ભારતીય સૈનિકો માટે અપમાનજનક શબ્દો વાપરી પાકિસ્તાની વિચારધારાને સમર્થન આપતી પોસ્ટ મૂકતાં પોલીસે રાષ્ટ્રીય એકતા વિરુદ્ધના ગુના અંતર્ગત કાર્યવાહી કરી.

. . . . . . . . . . . . .

# MEHSANA YOGASAN

મલેશિયામાં યોજાયેલી 16મી યોગાસન વિશ્વ ચેમ્પિયનશીપમાં મહેસાણા જિલ્લાની દીકરીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે કડીના કાંઝ ગામની એન્જલ પટેલે 9 થી 11 વર્ષની વયજૂથ વિભાગમાં પ્રથમ ક્રમ મેળવી આ સિદ્ધિ હાંસલ કરી હતી

આ સ્પર્ધામાં 24 દેશના 200 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . .

# CIVIL DEFENCE

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દેશભરના યુવાનોને માય ભારત નાગરિક સંરક્ષણ સ્વયંસેવકો તરીકે નોંધણી કરાવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યું છે.

આ માટે MY Bharat પોર્ટલ mybharat.gov.in પર નોંધણી કરાવી શકાશે. વધુ માહિતી માટે ફોન નં. ૯૯૨૫૪૮૮૯૯૯ પર સંપર્ક કરી શકાશે એમ બનાસકાંઠાના જિલ્લા યુવા અધિકારી, માય ભારત, પાલનપુરની યાદીમાં જણાવાયું છે.

નાગરિક સંરક્ષણ દળ , વડોદરાની કચેરી દ્વારા વડોદરા શહેરની ચાર અને જિલ્લાની આઠ સહિત ૧૨ મામલતદાર કચેરીઓ ખાતે આજે સાંજના ૪ થી ૬ કલાક દરમ્યાન સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવશે.

નાગરિક સંરક્ષણ દળમાં માનદ્ સેવા આપવા માંગતા નાગરિકો વોટ્સએપ નંબર ૯૯૨૫૨ ૭૫૭૫૧ પર અથવા સુરત નાગરિક સંરક્ષણની કચેરીખાતે સંપર્ક કરી શકે છે.

. . . . . . . . . . . . .

# CIVIL DEFENCE CHHOTA UDEPUR

છોટાઉદેપુર જિલ્લા સહિત તાલુકાની તમામ મામલતદાર કચેરીઓ ખાતે આજે બપોરે ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી સ્વયંસેવકોની નોંધણી કરાશે. નાગરિક સંરક્ષણમાં જોડાવવા ઈચ્છુક 18 વર્ષ કે તેથી વધુ વયના લોકો આ માટે નોંધણી કરાવી શકશે.

માજી સૈનિકો , પોલીસમિત્ર , NSS, NCC સ્વયંસેવકો , સ્થાનિક તરવૈયાઓ , આપદામિત્રો, ખાનગી સુરક્ષા સંસ્થાના કર્મચારીઓ અને સામાજિક સંસ્થા- NGO વગેરેને સ્વયંસેવકો તરીકે પ્રાધાન્ય અપાશે.

. . . . . . . . . . . . .

# ITI MULI ADMISSION

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ITI મુળી ખાતે કોપા, મિકેનીક ડીઝલ, વાયરમેન તથા ફિટર ટ્રેડમાં પ્રવેશસત્ર ૨૦૨૫ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વિવિધ વ્યાવસાયિક તાલીમ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો તારીખ 30 જૂન સુધીમાં અરજી તેમજ હેલ્પ સેન્ટર ખાતેથી સુધારા વધારા કરી શકશે.

ઉમેદવારો સંસ્થા ખાતે રૂબરૂ તેમજ itiadmission.gujarat.gov.in વેબસાઇટ પર 50 રૂપિયાની રજીસ્ટ્રેશન ફી સાથે ઓનલાઈન અરજી કરી શકશે.

. . . . . . . . . . . . .

# GODHRA ITI

ગોધરાની દાહોદ સરકારી આઈ.ટી.આઈ ખાતે પ્રધાનમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરાયું હતુ.

હાલોલ અને કાલોલની વિવિધ કંપનીઓના દ્વારા 40 ઉમેદવારોના ઇન્ટરવ્યૂ તેમજ મેડિકલ ચેકઅપ કરી વિદ્યાર્થીઓને કંપનીમાં સ્થળ પર જ પસંદ કર્યા હતા. પસંદગી પામેલા ઉમેદવારોની મેરીટ યાદી તથા મેડીકલ રીપોર્ટ આવ્યા બાદ પસંદગી પત્ર અપાશે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL–MANAV KALIAN YOJNA

પંચમહાલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માનવ કલ્યાણ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત જિલ્લાના આર્થિક રીતે પછાત વર્ગોને સ્વરોજગાર સ્થાપવા માટે બ્યુટી પાર્લર, ભરતકામ, વાહન સર્વિસીંગ, પંચર કીટ, અથાણા બનાવટ સહિતના ૧૦ પ્રકારનાં નાના ધંધા માટે સાધન સહાય આપવામાં આવે છે. જે અરજદારની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષની હોય અને તેમના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬લાખ સુધીની હોય તેવા લોકો ઇ-કુટિર પોર્ટલ https://e-kutir.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરી શકશે

. . . . . . . . . . . . .

# DHARTI ABA ABHIYAN

ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાની જિલ્લા સ્તરીય સમિતિની સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને યોજાઈ.

જિલ્લા કલેકટરે ધરતી આંબા યોજના હેઠળ આવતા પાંચ વર્ષમાં કરવાના થતા સ્થાનિક વિકાસના કામોનું આયોજન અને દરખાસ્ત સત્વરે તૈયાર કરી મોકલી આપવા અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

---------------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)